# પ્રા.શિ.ક્ષેત્રે આવનાર ફેરફાર અને તેની પાછળનો તર્ક

ગુજરાત સરકાર પ્રાથમિક શિક્ષણ માટે અત્યારે એક મિશન લઈને આગળ વધી રહી છે. જે મિશન છે -સ્કૂલમાંથી લર્નિંગમાં પરિવર્તન. એટલે કે શાળા કક્ષાએ અધ્યયન અને અધ્યાપન બન્નેમાં ઉત્કૃસ્ટતા લાવવી. આ માટે સરકાર દ્વારા કેટલીક નવી પોલીસી કે ફેરફારો કરવામાં આવ્યા છે તો કેટલાક આવી રહ્યા છે. જેનો શિક્ષણ સમાજ દ્વારા ક્યાંક આવકાર તો ક્યાંક વિરોધ પણ જોવા મળશે. પણ આ બાબતે સરકાર મક્કમ અને સ્પસ્ટ રીતે આગળ વધવા માંગે છે. આ ફેરફારોથી શિક્ષણની ગુણવત્તામાં કેટલો વધારો થયો એ તો આવનાર સમય જ બતાવશે. પણ અત્યારે તે વિશ્વાસ સાથે સૌ ચાલી રહ્યા છે.

પ્રથમ તો સરકાર વિચારી રહી છે કે જે, શાળામાં વિદ્યાર્થીની સંખ્યા ૩૦ કરતા ઓછી હશે તે શાળાને બંધ કરીને તેને નજીકની શાળા સાથે જોડી દેવી. પ્રથમ નજરે આપણને એવું લાગે કે, આમ કરવા પાછળનો  સરકારનો હેતુ ખર્ચ બચાવવાનો હશે. પણ હકીક્તે આમ કરવાથી સરકારનો ખર્ચ વધશે. તો પ્રશ્ન એ થાય કે, જો ખર્ચ વધવાનો હોય તો સરકાર આવું કેમ કરી રહી છે? તો તેની પાછળનું કારણ એ છે કે, કોઠારી કમિશનની ભલામણ મુજબ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી સંખ્યા ઓછામાં ઓછી ૧૬૦ થી ૨૦૦ વચ્ચે હોવી જોઈએ, સાથે ૪ થી ૫ શિક્ષકો અને એક હેડમાસ્તર હોવા જોઈએ. તો જ બાળકો સારી રીતે શીખી શકશે અને શિક્ષકો સારી રીતે ભણાવી શકશે. જેની પાછળ મનોવૈજ્ઞાનિક કારણ પણ રહેલું છે. વાચકોને જાણીને નવાઈ લાગશે કે, આજે પણ ગુજરાતમાં એવી કેટલીક શાળાઓ છે જ્યાં કુલ વિદ્યાર્થી સંખ્યા ૧૦ કરતા પણ ઓછી છે. એટલે કે, ધોરણ ૨ માં એક વિદ્યાથી હોય, ધોરણ ૩ માં બે વિદ્યાર્થી હોય, ધોરણ ૪ માં એક પણ વિદ્યાર્થી ના હોય, તો વળી ધોરણ ૫ મા ૩ વિદ્યાર્થી હોય. આમ કુલ દસ વિદ્યાર્થી શાળામાં હોય. તો ત્યાં કઈ પ્રવૃત્તિ કેવી રીતે થાય? વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કે હરીફાઈ કેવી રીતે મળે? મધ્યાહ્નભોજન યોજનાનો લાભ સારી રીતે કેવી રીતે ઉઠાવી શકાય?  શિક્ષકમાં ઉત્સાહ કેવી રીતે જળવાઈ રહે? આમ પણ આપણે ત્યાં નિયમ એવો છે કે,  ૩૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળે. અને શાળામાં જેટલાં શિક્ષક હોય એટલા ઓરડા હોય.   ગુજરાતમાં સરકારી પ્રાથમિક શાળાની કુલ સંખ્યા ૩૩૬૭૯ છે. જેમાંથી ૪૫૦૧ જેટલી શાળાઓમાં વિદ્યાર્થીની કુલ સંખ્યા ૩૦ કરતા ઓછી છે. છતાં નિયમની ઉપરવટ જઈને સરકાર દ્વારા કેટલીક શાળામાં એક કરતા વધુ શિક્ષકોની નિમણૂક કરવામાં આવેલ છે. આમછતાં ગુજરાતમાં ૮૭૭ શાળાઓ એવી છે જ્યાં માત્ર એક જ શિક્ષક છે, તો ૭૪૬૨ શાળાઓ એવી છે કે જ્યાં કુલ બે જ શિક્ષકો છે. આમ રાજ્યની ૨૫ ટકા જેટલી શાળાઓ માત્ર બે જ શિક્ષકો ધરાવે છે. તો ૩૨૧ જેટલી એવી શાળાઓ છે જ્યાં એક પણ ઓરડો નથી, તો ૮૪૫ શાળાઓમાં માત્ર એક જ ઓરડો છે.  આ રીતે જોતા વિદ્યાર્થી અને શિક્ષકનો રેશિયો ૧૦:૧ નો થાય છે. અત્યારે  રાજ્યની ૩૭ ટકા શાળામાં ૭૨ ટકા વિદ્યાર્થીઓ  અને ૬૨ ટકા શાળામાં ૨૮ ટકા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આમ છતાં ગુણવત્તાયુક્ત અધ્યયન અને અધ્યાપન થઇ શકતું નથી. જો આવી નાની શાળાઓને નજીકની શાળામાં ભેળવી દેવામાં આવે તો બંને શાળામાં વિદ્યાર્થી સંખ્યા પૂરતી થાય અને વિદ્યાર્થીઓને ભણવાની તેમજ શિક્ષકોને ભણાવવાની મજા આવે. આમ થતાં સરકારને ખર્ચ વધુ થશે. કારણ કે, જે શાળાને અન્ય શાળામાં ભેળવી દેવામાં આવી છે તેના શિક્ષકો વધમાં પડશે. જેને સરકાર છૂટા કરવાની નથી જ. ઉપરાંત તે શાળાના ઓરડા ખાલી પડ્યા રહેશે અને અન્ય શાળામાં વિદ્યાર્થી સંખ્યા વધવાથી ત્યાં નવા ઓરડા બનાવવા પડશે. એટલું જ નહિ વિદ્યાર્થીને અન્ય શાળા સુધી લઇ જવા અને લાવવા માટેની વ્યવસ્થા સરકારે કરવી પડશે. જેથી ટ્રાન્સપોર્ટનો ખર્ચ પણ વધશે. આમછતાં વધુ ખર્ચ ઉઠાવીને પણ સરકાર વિચારે છે અને સમાજમાંથી અભિપ્રાયો મેળવી રહી છે કે આમ કરવાથી ગુણવત્તાયુક્ત શૈક્ષણિક વાતાવરણમાં વધારો થશે કે કેમ?

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બીજો ફેરફાર એ છે કે, ધોરણ ૩ થી ૮ ની પરીક્ષા જીસીઈઆરટી ના માર્ગદર્શન નીચે સમાન પ્રશ્નપત્ર દ્વારા રાજ્યમાં એક સાથે લેવામાં આવે. આમ કરવા પાછળનો તર્ક એવો છે કે, આજે પણ અસંખ્ય બાળકો એવા છે કે જે, પાંચમાં સાતમામાં અભ્યાસ કરતા હોય તો પણ સારી રીતે વાંચી કે લખી શકતા નથી. તો ગણનની વાત જ ક્યાં આવે? આવા બાળકોનું મૂલ્યનાક્ન યોગ્ય રીતે થતું નથી. પરિણામે તેમની પાછળ જે ઉપચારાત્મક કાર્ય થવું જોઈએ તે

થતું નથી. જેથી શરૂઆતથી જ સાચું મૂલ્યાંકન કરવામાં આવે, નબળા બાળકોને અલગથી તારવવામાં આવે અને એવા બાળકો પાછળ ઉપચારાત્મક કાર્ય કરીને તેમની અધ્યયન ક્ષમતામાં વધારો કરવામાં આવે તો તેમનામાં રહેલી કચાશ દૂર થાય. અત્યાર સુધી પ્રાથમિક શાળામાં આ બાબતે બેદરકારી કે નિષ્ક્રિયતા જોવા મળતી હતી તે દૂર કરીને વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય, ઉપરાંત ધોરણ ૧૦-૧૨ માં આવે ત્યારે બોર્ડની પરીક્ષાનો જે ભય છે તે પણ નીકળી જાય. તેઓ શરૂઆતથી જ જાહેર પરીક્ષા આપવાની પ્રેક્ટીસ મેળવી શકે તે માટે ધોરણ ૩ થી જ જાહેર પરીક્ષાની જેમ સમાન અભ્યાસક્રમ, સમાન પ્રશ્નપત્રથી ટેવાઈ જાય તો આગળ જતાં મુશ્કેલી કે ભય જેવું કશું જ નાં રહે.

એક પરિવર્તન એ પણ આવશે કે , દરેક ક્લસ્ટર દીઠ આંતરરાષ્ટ્રીય કક્ષાની એક એકસેલન્સ સ્કૂલ ઉભી કરવી. આ માટે જે શાળામાં વિદ્યાર્થી સંખ્યા ૩૦૦થી વધુ હોય તેને પ્રાથમિકતા આપવામાં આવશે. આવી લગભગ ૧૫૦૦૦ જેટલી એકસેલન્સ શાળા બનાવવા માટે બજેટમાં મંજુરી પણ આપી દીધી છે. આજે પ્રાથમિક શાળાઓમાં આચાર્યને વિવિધ પ્રકારના કારકૂની કામ કરવા પડે છે. જેની અસર શાળાના શૈક્ષણિક કાર્ય પર થાય છે. જે સમસ્યાને દૂર કરવા દરેક આચાર્યને એક સોફ્ટવેર આપવામાં આવ્યું છે આચાર્યે આ સોફ્ટવેરમાં જ માહિતી આપવાની રહેશે. આમ કરતા આચાર્યના કારકૂની કામમાં ઘણો ઘટાડો થશે. અત્યારે શિક્ષકો અને વિદ્યાર્થીઓની  હાજરી માટે એક સોફ્ટવેર કામ કરી રહ્યું છે. જેમાં હાજર અને ગેરહાજર શિક્ષકો અને વિદ્યાર્થીઓની માહિતી દરરોજ આપવાની હોય છે. જો કોઈ માહિતી અપાઈ નાં હોય તો એ જ દિવસે જે તે શિક્ષક પર ગાંધીનગરના  કન્ટ્રોલ સેન્ટર પરથી ફોન જાય છે કે માહિતી કેમ નથી અપાઈ. આમ કરવાથી પાછલા વર્ષો કરતા શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરીમાં સારો એવો વધારો જોવા મળે છે. આમછતાં હમણાં જ એવા શિક્ષકો પણ પકડાયા કે જેમાં તેઓ ડમી શિક્ષકો રાખીને કામ કરાવતા હતા ! અંતે તેવા શિક્ષકો સામે પોલીસ ફરિયાદ પણ કરવી પડી. શિક્ષકોની માનસિકતા તો જુઓ? અંતે સરકાર હવે બાયોમેટ્રિક હાજરી લેવાનું વિચારી રહી છે. પ્રાથમિક શિક્ષણમાં થયેલા ફેરફારને પગલે સરકાર દ્વારા રાજ્યની તમામ શાળાઓને સમાન ટાઈમટેબલ અપનાવવાની સૂચના પણ આપવામાં આવેલ છે. આ માટે જી.સી.ઈ.આર.ટી. દ્વારા રાજ્યની તમામ શાળાઓમાં સમયપત્રક પહોંચાડવામાં આવ્યું છે. જે મુજબ દરેક શાળામાં તાસ પદ્ધતિ મુજબ શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવે છે. આમછતાં અહી સરકારનું એ બાબતે ધ્યાન દોરી શકાય કે, સમયપત્રકમાં જણાવ્યા મુજબ ભલે શૈક્ષણિક કાર્ય થાય. પણ શાળામાં રિસેસના કુલ સમયમાં ફેરફાર કર્યા વગર રીસેસ ક્યારે પાડવી  તે અંગેની આઝાદી જે તે શાળા અને એસ.એમ.સી. ને આપવી જોઈએ. કારણકે, અત્યારે જે રિસેસ પડવાનો  જે સમય છે તેનાથી બાળકોનું શૈક્ષણિક કાર્ય બગડે છે. આ ઉપરાંત રાજ્યમાં દર વર્ષે ગુણોત્સવ થતો હતો. જેમાં ત્રણેક દિવસ સુધી રાજ્યના અધિકારીઓ શાળામાં જતાં હતા અને શાળાનું મૂલ્યાંકન કરતા હતા. પણ તેમાં એ ત્ર દિવસ જ કામ થતું જોવા મળતું હતું. એ પણ ૨૦ ટકા જેટલી જ શાળાઓમાં.પછી પાછુ હૈઈ સૌ હૈ સૌ જ ચાલતું હતું. તેના બદલે હવે દરેક શાળાનું મૂલ્યાંકન વર્ષમાં એક વાર ગમે ત્યારે કરવામાં આવે છે. તે પણ શૈક્ષણિક બાબતોને ધ્યાનમાં રાખી, મૂલ્યાંકન કરી શકે તેવા જ વ્યક્તિઓ દ્વારા. જે સારી બાબત છે. સાથે ગાંધીનગરમાં જ કન્ટ્રોલ સેન્ટર ઊભું કરવામાં આવ્યું છે, કે જ્યાં રાજ્યની તમામ શાળાના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોના વિવિધ પ્રકારના ડેટા  એકત્ર કરવામાં આવે છે.  આ રીતે મળતા ડેટાનો સાચા અર્થમાં ઉપયોગ કરીને જરૂરી પરિવર્તન આવે તેવી અપેક્ષા સરકાર પાસે સમાજની હોય તે સ્વાભાવિક છે.

સરકાર ઉપરોક્ત જેવા ફેરફાર કરવા જઈ રહી છે ત્યારે શિક્ષકો અને સમાજે  સારી બાબતને  આવકારીને સરકારને પ્રોત્સાહન આપવું જોઈએ. સાથે જો કોઈ જગ્યાએ વિચાર કે અમલીકરણમાં ભૂલ કે કચાશ  હોય તો સરકારનું ધ્યાન પણ દોરવું જોઈએ. ઉપરાંત હજુ એવા ક્યા પરિવર્તન કરવા જેવા છે કે જે કરવામાં આવે તો શિક્ષણની ગુણવત્તામાં વધારો થઇ શકે. તો આવા પરિવર્તનો માટેની વાત સરકાર સુધી પહોંચાડવી તે સૌ નાગરિકની ફરજ છે.  શિક્ષકો, સમાજ અને સરકાર સાથે મળીને કામ કરશે તો શિક્ષણમાં આવતું પરિવર્તન હકારાત્મક અને ઝડપી હશે.

**અશોકી: નિષ્ઠા હશે તો નિયમનું પાલન આપોઆપ થશે, પણ નિયમનું પાલન થશે તો નિષ્ઠા આવશે તેવું કહી શકાય નહિ. શિક્ષણમાં નિયમ કરતાં નિષ્ઠાનું મહત્વ વધુ છે.**